# હિસાબ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

NAVSARI AGRICULTURAL UNIVERSITY


**ખાસ અગત્યનું**

## પરિપત્ર

**તમામ પ્રકારની યુનિવર્સિટી આવક નિયત સમયમાં જમા કરાવવા બાબત.**

આ યુનિવર્સિટીના તમામ કચેરીઓના વડાશ્રીઓ / નાણા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ ને જણાવવાનું કે, આ યુનિવર્સિટીમાં **અલગ-અલગ પ્રકારની આવક** રોકડ, ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટ, ઓનલાઇન માધ્યમ વિગેરે થી સ્વીકારીને જે તે ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ દ્વારા ચલણ મારફત અત્રેના તિજોરી વિભાગને "**NAU FUND A/c No.10389373204**", "**UNI. REVOLVING FUND A/c No.103893226 (B.H.9510)**" અને "**NAU KVK REVOLVING FUND A/c No.40164979385**"ના બેંક ખાતામાં જમા કરવા અર્થે મોકલવામાં આવે છે.

અત્રેની કચેરીના **જા.નં. નકૃયુ/હિનિ/કંટ્રોલ/૯૩૭૫-૭૯/૨૦૨૧ તા. ૨૭/૧૧/૨૦૨૧** ના પરિપત્રની સૂચનાઓ મુજબ જેતે કચેરીમાં રોજે રોજની થયેલી આવક ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીના બેંક ખાતામાં જમા લીધા બાદ નિયત સમયમર્યાદામાં જે તે કચેરીના બજેટ સદરે આવક જમા લેવા માટે અત્રેના તિજોરી વિભાગને મોકલવાની સુચના આપેલ છે. તેમ છતાં ધ્યાને આવેલ છે કે, ઘણી કચેરી દ્વારા કચેરીમાં થયેલ આવક સમયસર અત્રે જમા ન કરાવતા ઘણા લાંબા સમય સુધી હાથ ઉપર રાખવામાં આવેલ હોય એવુ ધ્યાને આવેલ છે, જે હિસાબી દ્રષ્ટિએ યોગ્ય નથી. જેથી નાણાંકીય વ્યવસ્થા અને હિસાબોના મેળવણામાં મુશ્કેલી સર્જાય છે. તો યુનિવર્સિટી આવક જમા કરાવવા બાબતે એક સૂત્રતા જળવાય તે માટે ઉપરોક્ત પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

**જા.નં. નકૃયુ/હિનિ/વવહિઅ/બી-૧/૨૫૦/૨૦૨૪**
**નવસારી, તા. ૧૧/૦૧/૨૦૨૪**

**હિસાબ નિયામક**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા):-**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
**(૨)** અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૩)** અત્રેની યુનિવર્સિટીના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.
**(૪)** અત્રેની યુનિવર્સિટીના માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.
**(૫)** અત્રેની યુનિવર્સિટીના વહિવટી-વ-હિસાબી અધિકારી તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.


Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

**વંચાણે :** ૧) વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રીના તા.૧૨.૦૨.૨૦૧૪ના પરિપત્ર જા.નં. નકૃયુ/વવહિઅ/બી-૩/ઓનલાઈન હિસાબ/ ૫૭૦-૬૧૯ /૧૪.

૨) હિસાબ નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારીના તા.૩૧.૦૩.૨૦૧૫ ના પરિપત્ર જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/૨૯૮૧-૩૦૩૧/૨૦૧૫.

૩) હિસાબ નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારીના તા.૦૯.૧૦.૨૦૧૫ ના પરિપત્ર જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/૯૨૪૧-૭૦/૨૦૧૫.

**ઈમેઈલ દ્વારા – ખુબજ અગત્યનું**

## -- :: પરિપત્ર ::--

**વિષય:– તમામ પ્રકારની યુનિવર્સિટી આવક જમા કરાવવા બાબત....**

નવસારી કૃષિ યુનિવર્સિટી તમામ કચેરીના વડાશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ઘણી કચેરી દ્વારા કચેરીમાં થયેલ **આવક સમયસર અત્રે જમા ન કરાવતા** ઘણા લાંબા સમય સુધી હાથ ઉપર રાખવામાં આવેલ હોય એવુ ધ્યાને આવેલ છે, જે **હિસાબી દ્રષ્ટિએ યોગ્ય નથી** તો હવે પછી નિયમોનુસાર તમામ આવકો વંચાણે લીધેલ **પરિપત્ર–૨** થી આપવામાં આવેલ જરૂરી માર્ગદર્શન અને **પરિપત્ર–૩** માં જણાવેલ **સમય મર્યાદામાં જમા કરાવવાની તકેદારી રાખવા** જણાવવામાં આવે છે તેમજ ઘણી કચેરીઓ દ્વારા ચલણો અત્રેની તિજોરી શાખામાં રજુ કરતા ચલણોમાં **રસીદ નંબર/કેશ મેમો નંબર અને તારીખ** તેમજ અન્ય **પુરતી વિગતો દર્શાવતા નથી** જેની હવે પછી ચલણોમાં જરૂરી વિગતો દર્શાવવા જણાવવામાં આવે છે.

ઉક્ત બાબતે વંચાણે લીધેલ **પરિપત્ર–૧** થી કોઈપણ પ્રકારની **એન.એ.યુ. ફંડ/રીવોલ્વીંગ ફંડની આવક** (ડિપોઝીટ/એડવાન્સીઝ સહિત) ઓનલાઈન એન્ટ્રી કરી ચલણો અત્રેની તિજોરી શાખામાં રજુ કરવા સ્પષ્ટ જણાવવામાં આવેલ છે, તેમજ **પરિપત્ર–૨** અને **પરિપત્ર–૩** માં જણાવ્યા મુજબ કોઈપણ પ્રકારની આવક પહેલા આપની કચેરીના બેંક ખાતામાં જમા લઈ ત્યાર બાદ અત્રેની કચેરીએ ચલણ ભરી "**NAU FUND A/c No.10389373204**" તેમજ "**UNI. REVOLVING FUND A/c No.103893226 (B.H.9510)**" માં જમા કરાવવાની જાણ કરવામાં આવેલ છે. આજ રીતે "**NAU KVK REVOLVING FUND A/c No.40164979385**" ની આવક પણ ઉપરોકત વંચાણે લીધેલ તમામ પરિપત્રો માં જણાવ્યા મુજબ જમા કરાવવાની રહેશે.

વધુમાં જો ખાસ કિસ્સામાં આવક **ચલણો રજુ કરવા પહેલા** બારોબાર ઉપરોક્ત જણાવેલ ખાતાઓમાં જમા કરાવવાની થાય તો પ્રથમ જે તે કચેરીએ પોતાના બેંક ખાતામાં નાણાં જમા લીધા બાદ અત્રેના બેંક ખાતામાં જમા કરાવવા અને ત્યારબાદ નાણાં જમા કર્યાની બેંક સ્લીપ/ચલણ/તેને લગતા પત્રો સ્કેન કરી **તે જ દિવસે** મેઈલ દ્વારા adm@nau.in ઉપર જાણ કરવાની રહેશે.

**ઉપરોક્ત સુચનાઓનો તમામ પરિપત્રો માં જણાવ્યા મુજબ ચુસ્ત પણે અમલ કરવા જણાવવામાં આવે છે, તેમ છતાં ઉક્ત બાબતે નાણાંકીય અનિયમિતતા કે ભવિષ્યમાં કોઈપણ પ્રકારના ઓડીટ પ્રશ્નો ઉપસ્થિત થવા પામશે તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી કચેરીના વડાશ્રી તથા ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીની રહેશે.**

**બિડાણ:–** વંચાણે લીધેલ પરિપત્રો.

**જા.નં.નકૃયુ/હિનિ/કંટ્રોલ/૯૩૭૫–૭૯/૨૦૨૧ નવસારી,**
**તા. ૨૭/૧૧/૨૦૨૧**

**હિસાબ નિયામક**

**નકલ જય ભારત સાથ રવાના:–**

(૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારુ.
(૨) અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ /સબ યુનિટ તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.
(૩) અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીઓ તરફ અમલ થવા સારૂ.
(૪) વહિવટી-વ-હિસાબી અધિકારી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારૂ.

Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.

# નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી–૩૯૬ ૪૫૦.

વંચાણમાં લીધાઃ–

૧: હિસાબી અધિકારી વ હિસાબ નિયામકશ્રી, નકૃયુ,નવસારીની કચેરીનાં પરિપત્ર ક્રમાંકઃનકૃયુ/હિઅહિનિ/બજેટ/ઈઆરપી/૮૪૧૯–૬૮/તા.૨૩.૮.૨૦૧૩.

## પ રિ પ ત્ર

**ખુબ જ જરૂરી**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીનાં વડાઓને તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટીનાં તમામ નાણાંકીય હિસાબો ઓનલાઈન કરવામાં આવેલ છે. હાલમાં તમામ કચેરીઓ તરફથી ખર્ચની ઓનલાઈન એન્ટ્રીઓ કરવામાં આવે છે. પરંતુ ઘણીખરી કચેરીઓ તરફથી કચેરીમાં થતી કોઈપણ પ્રકારની આવકની (ડિપોઝીટ / એડવાન્સીઝ સહિતની આવક) એન્ટ્રીઓ ઓનલાઈન કરી મોકલવામાં આવતી નથી. જેને લીધે અત્રેની કચેરીએથી ઓનલાઈન મેળવણામાં તકલીફ ઉભી થાય છે. તો હવેથી જયારે પણ આપની કચેરીમાં એન.એ.યુ. ફંડ તેમજ એન.એ.યુ. રીવોલ્વીંગ ફંડ, કેવીકે ફંડ એકાઉન્ટ, કેવીકે રીવોલ્વીંગ ફંડ એકાઉન્ટ/એનએઆઈપી ફંડ/સુગરકેન ટીસ્યુકલ્ચર ફંડનાં જે તે બજેટ હેડે આવક થાય ત્યારે તેની ઓનલાઈન એન્ટ્રીઓ કરીને જ ચલણો રજુ કરવા વિનંતી છે. જેથી ઓનલાઈન મેળવણામાં તકલીફ ઉભી થાય નહિ.

પ્રસ્તુત પરિપત્ર હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામકશ્રીની મંજુરી મેળવીને બહાર પાડવામાં આવે છે. જેનો ચુસ્તણે અમલ કરવાનો રહેશે.

વહીવટી વ હિસાબી અધિકારી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

જા.નં. નકૃયુ/વવહિઅધિ/બી.૩/ઓનલાઈનહિસાબ/ ૫૭૦–૬૧૯ /૧૪
નવસારી. તારીખઃ– ૧૨.૨.૨૦૧૪
નકલ સવિનય રવાનાઃ

૧: તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીઓશ્રીઓ તરફ જાણ તથા
૨: તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતુ થવા સારુ.

## હિસાબ નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી

---

**<u>ખુબ જ જરૂરી</u>** **વિષય:– યુનિવર્સિટીની આવક જમા કરાવવા બાબત.**

**:: <u>પરિપત્ર</u> ::**

આ યુનિવર્સિટીના તમામ કચેરીઓના વડાશ્રીઓ / નાણાં ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આ યુનિવર્સિટીમાં નાણાંકિય વ્યવહારો સરળતાથી ચાલે તે માટે દરેક કચેરીના નામનું બેન્ક ખાતુ ખોલાવવાની અત્રેથી મંજુરી આપવામાં આવેલ છે. અને જે અન્વયે આ યુનિવર્સિટીની તમામ કચેરીઓએ નાણાંકિય વ્યવહારો માટેના બેન્ક ખાતા ખોલાવી લીધેલ છે. જેને કારણે હાલમાં નાણાંકિય લેવડ–દેવડ ચેક દવારા સરળતાથી થઈ રહેલ છે.

આ યુનિવર્સિટીમાં અલગ–અલગ પ્રકારની આવક થાય છે, અને જે આવક **(1) NAU FUND A/C.** અને **(2) NAU REVOLVING FUND A/C. (B.H.9510)** ના નામથી રોકડ, ચેક, ડીમાન્ડ ડ્રાફ્ટ દવારા આવક સ્વીકારીને જે તે ડી.ડી.ઓ. દવારા ચલણ મારફત વહિવટી–વ–હિસાબી અધિકારીને જમા લેવા મોકલવામાં આવે છે. કેટલીક વખત આવી આવકોના ચેકો અપુરતા બેન્ક બેલેન્સના અભાવે રિટર્ન થતાં હોય છે,અને જેના કારણે બેન્ક દવારા પેનલ્ટી ઉધારવામાં આવે છે. તેમજ ઘણી વખત આવી આવકો કેટલીક સંસ્થાઓ દવારા બારોબાર વહિવટી–વ–હિસાબી અધિકારીના બેન્ક ખાતામાં જમા કરતી હોય, જેને કારણે જે તે કચેરીઓને આવી બારોબાર જમા થયેલ આવકની જાણકારી ન હોવાથી જે તે કચેરીના રેકર્ડમાં આવકની નોંધ થતી હોતી નથી તેમજ જે તે કચેરી દવારા આવકના ચલણ વહીવટી–વ–હિસાબી અધિકારીને મોકલેલ ન હોવાથી તેઓના તરફથી આવક જમા લઈ શકાતી નથી. આવી બારોબાર જમા થયેલ આવક વર્ષોવર્ષ **<u>UN-POSTED AMOUNT</u>** તરીકે હિસાબોમાં ખેંચાતી રહે છે. જેના કારણે નાણાંકિય હિસાબોના મેળવણામાં અનિયમિતતા સર્જાય છે, તેમજ આ અંગે ઓડિટતંત્ર તરફથી પણ ઓડિટ પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જેથી આવક જમા કરાવવા બાબતે એકસુત્રતા જાળવવા નીચે મુજબ હવેથી અમલ કરવાનો રહેશે.

(૧) ફાર્મ ઉત્પાદન અથવા અન્ય કોઈ પણ પ્રકારની આવક બહારની સંસ્થા પાસેથી મેળવવાની થાય ત્યારે આવી આવકો વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રીની કચેરીમાં બારોબાર જમા ન કરાવતાં, જે તે કચેરીના નામના ઉપાડ અને ચુકવણા અધિકારીના નામે રોકડા / ચેક /ડીડી / ધ્વારા મેળવી, જે તે કચેરી ખાતે કેશબુકમાં જમા લઈ પહોંચ મોકલી આપવાની રહેશે. ત્યાર બાદ તે જ દિવસે આ મળેલ આવક જે તે કચેરીના બેન્ક ખાતામાં જમા કરવાની રહે છે.

(૨) ઉપર મુજબ જમા થયેલ આવક જેટલી જ રકમનો **NAU FUND A/C** અથવા **NAU REVOLVING FUND A/C** ના નામનો ચેક તૈયાર કરી, ચલણ સાથે આવક જે તે બજેટ સદરમાં જમા લેવા માટે વહીવટી–વ–હિસાબી અધિકારીની કચેરીને સત્વરે મોકલી આપવાની વ્યવસ્થા નાણાં ઉપાડ અને ચૂકવણાં અધિકારીશ્રીએ કરવાની રહેશે.

(૩) જે તે કચેરીના બેન્ક ખાતામાં દર છ માસે જમા થતી બેન્ક વ્યાજની આવક આ કચેરીએ જમા કરાવવામાં આવે છે, **જે હવેથી NAU FUND A/C** ના નામનો ચેક તૈયાર કરી યુનિવર્સિટી **B.H: 18100** હેઠળ જમા લેવા માટે ચલણ ધ્વારા વહી.–વ–હિસાબી અધિ.ની કચેરીને મોકલી આપવાનો રહેશે.

પ્રસ્તુત પરિપત્ર માન. કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે અને જેનો અમલ તા. **<u>૦૧/૦૪/૨૦૧૫</u>** થી અચુકપણે કરવાનો રહેશે. વહી.–વ–હિસાબી અધિકારીશ્રીએ ઉપર મુજબ અમલ થયેલ હશે તેવા જ આવકના ચલણો પાસ કરવાના રહેશે. જમા થયેલ આવક કોઈપણ સંજોગોમાં કચેરી વાપરી શકશે નહિ, જે જાણ સારૂ.

**હિસાબ નિયામક**

---

જા.નં.ન.કૃ.યુ./કોમ્પટ/કંટ્રોલ/૨૯૮૧–૩૦૩૧/૨૦૧૫ તા.૩૧/૦૩/૧૫

(૧) તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ...

(૨) તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ અમલ થવા સારૂ.

(૩)માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી,ન.કૃ.યુ.નવસારી

# હિસાબ નિયામકશ્રીની કચેરી

નવસારી કૃષિ યુનિવર્સિટી

નવસારી

વંચાણમાં : અત્રેની કચેરીના પરિપત્રના શેરા ક્રમાંક નકૃયુ/કોમ્પ્ટ/કંન્ટ્રોલ/૨૯૮૧–૩૦૩૧/૨૦૧૫, તારીખ ૩૧/૦૩/૨૦૧૫

<u>વિષય</u> : <u>યનિવર્સિટીની આવક સમય–સર યુનિવસિટી ફંડમાં જમા કરાવવા બાબત.....</u>

<u>ખૂબજ અગત્યનું</u>

## પરિપત્ર

આ યુનિવસિર્ટીની તમામ કચેરીઓના વડાશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, જે તે વિભાગની થયેલ આવક જે તે કચેરી હસ્તકનાં બેન્ક ખાતામાં જમા કરાવી, ત્યાર બાદ તુર્તજ બીજા દિવસે ચેક દ્વારા ચલણથી યુનિવર્સિટીનાં જેતે બજેટ સદરમાં જમા લેવા માટે વહીવટી–વ–હિસાબી અધિકારીની કચેરીને મોકલી આપવા બાબતે સંદર્ભિત પરિપત્રથી જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડવમાં આવેલ છે, તેમ છતાં ઘણી ખરી કચેરીઓ આવી આવકો યુનિવર્સિટી ફંડમાં જમા ન કરાવતાં જેતે કચેરી હસ્તક રાખી મુકે છે, જે નિયમ વિરૂધ્ધ છે, જેથી જે કાંઈ આવક થયેલ હોય તે તુર્તજ અથવા ત્યાર પછીના કામકાજનાં દિવસે વહીવટી–વ–હિસાબી અધિકારીની કચેરીને યુનિવર્સિટી ફંડમાં જમા કરાવવા માટે મોકલી આપવાની રહેશે.

ઉપરોકત સુચનાઓનો ચુસ્ત પણે અમલ કરવા જણાવવામાં આવે છે, તેમ છતાં નાણાંકિય અનિયમિતતા ઉભી થશે તો જેતે કચેરીનાં નાણા ઉપાડ અને ચુકવણા અધિકારીની અંગત જવાબદારી રહેશે. જેની સર્વેએ નોંધ લેવા વિનંતી છે.

હિસાબ નિયામક

હિસાબ નિયામકશ્રીની કચેરી,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી

જા.નં. નકુયુ/કોમ્પ્ટ/કંન્ટ્રોલ/૯૨૪૧–૭૦/૨૦૧૫
તારીખ : ૦૯/૧૦/૨૦૧૫

<u>નકલ સવિનય રવાના</u> :

૧) સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

૨) તમામ નાણા ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.

<u>નકલ રવાના</u> :

૧) વહીવટી–વ–હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી